## પ્રસાર ભારતી
## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-03-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day :MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **હોળીની રજાઓ બાદ વિધાનસભા અંદાજપત્ર સત્રની કામગીરી ફરી શરૂ.**
2) **નેશનલ ક્રાઈમ રીપોર્ટ મુજબ રાજ્ય માં બાળકો ગુમ થવાનો ઓછો રેશિયો હોવાનો સરકારનો વિધાનસભામાં જવાબ**
3) **આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, બ્લોકચેન, સહિતની ઉભરતી ટેકનોલોજી અંગે 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ' શરૂ કરવા સરકાર કરાર કર્યા**
4) **રાજ્યમાં કાળઝાળ ગરમીનો અનુભવ - અમદાવાદ અને રાજકોટમાં પારો 40 ડિગ્રી પર પહોંચ્યો**
5) **રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની આજે પુણ્યતિથિ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સાહિત્યકારોએ શ્રદ્ધાંજલિ પાઠવી**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# VIDHANSABAH QUESTIONARY-1

હોળીની રજાઓ બાદ આજે ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો ફરી આરંભ થયો હતો... આજે સવારે પ્રશ્નોત્તરી દરમિયાન કોંગ્રેસ ના ધારાસભ્ય  વિમલ ચુડાસમાએ જૂનાગઢ અને ગીર સોમનાથ જીલ્લામાં બાળકો ગુમ થવા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. આ પ્રશ્નોનો સરકાર દ્વારા પ્રત્યુત્તર અપાયો હતો અને જણાવ્યું હતુંકે ગીર સોમનાથ માં 46 બાળકો ની ગુમ થવાની ફરિયાદ હતી. જેમાં તમામ બાળકો મળી આવ્યા છે. જ્યારે જૂનાગઢ માં 152 ગુમ થયાની ફરિયાદ હતી.જેમાંથી 150 બાળકો ડિરેક્ટ થઈ ગયા છે. આ જવાબ અંગે મીડિયા સાથે વાત કરતાં ભાજપના ધારાસભ્ય મહેશ કશવાલાએ જણાવ્યુ હતું કે નેશનલ ક્રાઈમ રીપોર્ટ મુજબ રાજ્ય માં સૌથી ઓછો બાળકો ગુમ થવાનો રેશિયો છે.

(બાઇટ- મહેશ કશવાલા, ધારાસભ્ય , સાવરકુંડલા)

ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જયરામ ગામીતે જણાવ્યું હતું કે, MSME એકમો રાજ્યના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઓછા મૂડીરોકાણથી વધુ રોજગારી ઊભી કરતા આ એકમોને પ્રોત્સાહન આપવા માટે ‘આત્મનિર્ભર ગુજરાત યોજના–૨૦૨૨’ હેઠળ આર્થિક સહાય આપવામાં આવે છે.

# VIDHANSABAH QUESTIONARY-2

કચ્છના ધોરડો ખાતે યોજાતા રણોત્સવ દરમિયાન લાઈટ એન્ડ સાઉન્ડ શો અંગે ગુજરાત વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી જયરામ ગામિતે જણાવ્યું હતું કે, વિશ્વના એક માત્ર એવા સફેદ રણમાં ઉજવાતા રણોત્સવ જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમને વધુ આકર્ષિત બનાવવા માટે રણોત્સવ દરમિયાન દરરોજ સાંજે લાઈટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવામાં આવે છે.

અન્યએક પ્રશ્નના પ્રત્યુત્તરમાં ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, શ્રી વાજપેયી બેન્કેબલ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૪,૧૫૭ અરજી મળી છે, જે તમામ અરજીઓની બેન્કમાં ભલામણ કરવામાં આવી છે. જે પૈકી બેન્કો દ્વારા કુલ ૨,૯૧૩ અરજી મંજૂર કરીને લાભાર્થીઓને લોનનો લાભ આપવામાં આવ્યો છે.

# DIGITAL GOVERNENCE MOU

રાજ્ય સરકાર દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), બ્લોકચેન, સાયબર સિક્યુરિટી અને ઈમરજિંગ ટેકનોલોજી  લો એન્ડ પોલિસીમાં 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ' શરૂ કરવા જઇ રહી છે. જેના ભાગરૂપે ગુજરાત ઇન્ફોર્મેટિક્સ લિમિટેડ (GIL),વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) અને ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) વચ્ચે આજે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે આજે આયોજિત 'ગુજરાત વાઇસ ચાન્સેલર્સ મીટ' દરમિયાન આ સમજૂતીના કરાર  પર હસ્તાક્ષર કરાયાં.વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડીયા, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાની ઉપસ્થિતીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય અને રાજ્યની અગ્રણી યુનિવર્સિટીઓના ૨૦થી વધુ વાઇસ ચાન્સેલરોએ પણ ભાગ લીધો હતો.

# CM YASHODA AWARD

મુખ્યમંત્રી ભપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યોજાયેલા સમારંભમાં કહ્યું હતુંકે  રાજ્ય અને દેશના સર્વાંગી વિકાસમાં મહિલાશક્તિનું અમૂલ્ય યોગદાન છે. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓ જ્યારે ઘરનો ઉંબરો ઓળંગીને નવું સાહસ કરે છે, ત્યારે અનેક સામાજિક પડકારો સામે આવે છે. પરંતુ, આ અવરોધોને પાર કરીને સફળ થયેલી મહિલાઓ દેશની અન્ય લાખો બહેનો માટે પ્રેરણાનું કિરણ બને છે. તેમણે આ કાર્યક્રમમાં ઉપસ્થિત સાહસિક મહિલાઓને સમાજના સાચા 'રોલ મોડેલ' ગણાવ્યા હતા.

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા યોજાયેલા “નારી ગૌરવ સંવાદ અને માતા યશોદા એવોર્ડ વિતરણ” કાર્યક્રમમાં મહિલા કલ્યાણ માટે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ એક શ્રેષ્ઠ સ્વૈચ્છિક સંસ્થા અને એક શ્રેષ્ઠ મહિલા કાર્યકરને ગુજરાત મહિલા વિકાસ પુરસ્કારથી સન્માનિત કરાયા  હતા. આ ઉપરાંત રાજ્યના ચાર ઝોનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને "માતા યશોદા એવોર્ડ" એનાયત કરવામાં આવ્યા હતા. રમત-ગમત, સામાજિક, સંરક્ષણ, ઉદ્યોગ, કલા-સંસ્કૃતિ અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોની મહિલા અગ્રણીઓ સાથે મુખ્યમંત્રીએ પ્રત્યક્ષ સંવાદ કરીને મહિલા ઉત્કર્ષ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી અને મહિલાઓના કલ્યાણ

તથા સ્વાસ્થ્ય સુરક્ષા માટેની રાજ્ય સરકારની પ્રોત્સાહક યોજનાઓની છણાવટ કરી હતી.

# INTERNATIONAL WOMENS DAY

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે રાજ્યના અનેક જિલ્લાઓમાં મહિલા વિશેષ કાર્યક્રમો યોજાયા ત્યારે આકાશવાણી અમદાવાદ ખાતે મહિલાઓ એ પર્યાવરણ ના જતન સંવર્ધન માટે વૃક્ષારોપણ કરી કાર્યક્રમ ઉજવ્યો હતો.

આકાશવાણી માન્યતા પ્રાપ્ત કોમેન્ટ્રીટર અમિત અરોરા, અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અનિકેત તલાટી આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલાઓને મહિલા દિવસની ઉજવણી ની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે સમાજમાં સમાનતા નિર્માણ કરવા મહિલાઓના અધિકાર અને ન્યાય સુનિશ્ચિત કરવાનું  મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું

દમણ માં "સારથી - મફત ડ્રાઇવિંગ વર્ગો" કાર્યક્રમ હેઠળ ડ્રાઇવિંગ તાલીમ પૂર્ણ કરનાર 25 મહિલા તાલીમાર્થીઓને પ્રમાણપત્રો અને ડ્રાઇવિંગ લાઇસન્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પહેલનો હેતુ મહિલાઓને સશક્ત બનાવવા, તેમનો આત્મવિશ્વાસ વધારવા અને ડ્રાઇવિંગ ક્ષેત્રમાં રોજગારની તકો પૂરી પાડવાનો છે.

ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન નંદકુંવરબામહિલા કોલેજ – દેવરાજનગર અને જે.કે.સરવૈયા કોલેજ દ્વારા આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું

આયોજન દિવ ખાતે કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં ભારતના વિવિધ પ્રદેશ ની યુનિવર્સીટી માંથી ૧૩૨ અધ્યાપકો અને રીસર્ચ વિધાર્થીઓ જોડાયા હતા.

# DANG LAKHPATI DIDI

ડાંગ જીલ્લામાં મહિલાઓના ઉત્થાન માટે લખપતિ દીદી યોજના અંતર્ગત અત્યારસુધીમાં ૭૩૯ જેટલા સ્વસહાય જુથોને ૧૮૪૭.૫૦ લાખનું સ્ટાર્ટ અપ ફંડ ,૧૧૮ જેટલા ગ્રામ સંગઠનોને ૭૮૫ લાખનું સ્ટાર્ટ અપ ફંડ ,જ્યારે ૮ જેટલા ક્લસ્ટર લેવલ ફેડરેશનને ૧૨૨.૫૦ લાખનું સ્ટાર્ટ અપ ફંડ અર્પણ કરીને 'આત્મ નિર્ભર' બનાવવાની દિશામાં અગ્રેસર કરાયા છે.ડાંગ જિલ્લાના ઉત્તર ડાંગ વન વિભાગ દ્વારા લખપતિ દીદી યોજના નો લાભ ડાંગની મહિલાઓને આપવામાં આવ્યો છે.

(બાઇટ- લખપતી દીદી યોગીતાબેન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK

# COURT BOMB THREAT

અમદાવાદ સ્થિત ગુજરાત હાઇકોર્ટ અને ગ્રામ્ય કોર્ટ તેમજ અમરેલીની જીલ્લા કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી અફવા સાબિત થઇ હતી.. ઇમેલ મારફતે અદાલતોને બોમ્બથી ઉડાવવાની ધમકી આપવામાં આવી હતી.ધમકી મળતા નવરંગપુરા પોલીસ અને સોલા પોલીસ તેમજ અમરેલી પોલીસે બોમ્બ સ્ક્વોર્ડ અને ડોગ સ્ક્વોર્ડે ગ્રામ્ય કોર્ટમાં તપાસ કરી હતી...બંને કોર્ટને ધમકી મળતા કોર્ટ પરિસર માંથી તમામ વકીલ અને પક્ષકારોને બહાર મોકલી દેવામાં આવ્યા હતા અને કોર્ટને ખાલી કરી દેવાઇ હતી. આ તપાસ દરમિયાન તમામ તપાસ દરમિયાન શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

# CHOTAUEPUR

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યભરમાં ગર્ભાશયના મુખના કેન્સરને રોકવા માટે HPV (હ્યુમન પેપિલોમા વાયરસ) રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે છોટાઉદેપુર જિલ્લાના અર્બન પ્રાઇમરી હેલ્થ સેન્ટર ખાતે આ રસીકરણ અભિયાનનો જિલ્લા કક્ષાનો શુભારંભ કરવામાં આવ્યો હોવાનું જીલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ જણાવ્યું હતું.

(બાઇટ- મલકાબેન પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ , છોટાઉદેપુર)

# WEATHER

રાજ્યમાં અમદાવાદ સહિત અનેક શહેરોમાં આજે 'હીટવેવ' જેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચૂકી છે. ખાસ કરીને વાત કરીએ અમદાવાદની, તો શહેરમાં આજે બપોરના સમયે અંગ દઝાડતી ગરમી પડી રહી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મહત્તમ તાપમાનમાં રાજકોટ અને સુરેન્દ્રનગર જેવા વિસ્તારોમાં પારો 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં હીટ વેવ જેવી સ્થિતિ રહેવાની શક્યતા છે. આગામી 2-3 દિવસમાં તાપમાનમાં હજુ 2 થી 3 ડિગ્રીનો વધારો થઈ શકે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ અનુભવાશે. આજે અમદાવાદ અને રાજકોટમાં 40, ડીસા 39.6 ,ભુજ- વડોદરામાં 39.4 ડિગ્રીનો પારો નોંધાયો હતો..બનાસકાંઠા પાટણ મહેસાણા ગાંધીનગર અમદાવાદ સુરેન્દ્રનગર મોરબી રાજકોટ જુનાગઢ પોરબંદર અમરેલી ભાવનગર બોટાદ વડોદરા ભરૂચ સુરત અને કચ્છ માં હિટવેવ ને લઈને એલર્ટ આપવામાં આવ્યું છે.

# ZAVERCHAND MEGHANI

રાષ્ટ્રીય શાયર અને લોકસાહિત્ય શિરોમણી ઝવેરચંદ મેઘાણીજીની આજે પુણ્યતિથિ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે. શ્રી પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું કે, કસાયેલી કલમે રચેલી અપ્રતિમ કૃતિઓ દ્વારા ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતના શૌર્ય, ત્યાગ અને સંસ્કૃતિને જીવંત રાખી છે. તેમની કલમમાં રહેલો ખુમાર પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં માતૃભૂમિ પ્રત્યેના ગૌરવની જ્યોતને સદાય પ્રજ્વલિત રાખશે.

# Dang Seva Setu

ડાંગ જીલ્લાના આહવાની ચિકટીયા ગામની પ્રાથમિક શાળામાં ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત સેવા સેતુ ૨.૦ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં આધારકાર્ડ અને રાશનકાર્ડ સંબંધિત સેવાઓ, આવકના દાખલા, ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના, મહેસૂલી રેકર્ડમાં વારસાઇ માટેની અરજી, પ્રાધનમંત્રી જન આરોગ્ય યોજના, સ્વામિત્વ યોજના, કિશાન ક્રેડિટ કાર્ડ વિગેરે મહેસુલી સેવાઓનો આશરે ૯૦૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો.

L

# DIVYANG SAHAY CAMP

અમદાવાદના કુમકુમ મંદિર ખાતે નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય કેમ્પ યોજાશે.જરુરીયાતવાળા દિવ્યાંગોને વ્હિલચેર જેવા કિંમતી સાધનો પણ ફ્રી માં આપવામાં આવશે.તા. ૧૫ માર્ચને રવિવારના રોજ સવારે ૧૦ - ૦૦ થી ૧૨ - ૦૦ વાગ્યા સુધી ભારત વિકાસ પરિષદ - પાલડીના સહયોગથી નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાય કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.આ કેમ્પમાં નિઃશુલ્ક કૃત્રિમ હાથ, કૃત્રિમ પગ, વ્હિલચેર, કેલીપર્સ, ઘોડી-વોકીંગ સ્ટીકસનું વિતરણ કરવામાં આવશે.

# Tapi 'Child marriage free India'

તાપી જિલ્લાના વ્યારાથી નિવાસી અધિક કલેક્ટર આર.આર.બોરડે 'બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન' અંતર્ગત જાગૃતિ રથને પ્રસ્થાન કરાવ્યુ હતું

આ અભિયાનના ભાગરૂપે ૧૦૦ દિવસીય જાગૃતિ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે, સમાજમાં બાળ લગ્ન, બાળમજૂરી, બાળ તસ્કરી, બાળ શોષણ અંગે લોકોમાં વધુમાં વધુ જાગૃતતા વધે તેવા પ્રયાસો આ સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યા છે.

.

# Mahisagar Recruitment Fair

મહીસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 1300 ઉપરાંત જગ્યાઓ માટે રોજગારીની તક પૂરી પાડવા 13 જેટલા નોકરી દાતા ઉપસ્થિત રહ્યા હતા. આ રોજગાર ભરતી મેળામાં ધોરણ ૧૦ પાસ, ધોરણ ૧૨ પાસ ડિપ્લોમા, આઈ.ટી.આઈ તથા ગ્રેજ્યુએટ લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા અનુભવી બિન અનુભવી ઉમેદવારો માટે ઇન્ટરવ્યૂ પ્રક્રિયા કરવામાં આવી હતી